EDII

The Economic Times (Guj.)

March 1, 2017
Page No. 2

## સંક્ષિપ્ત સમાચાર

# ઈડીઆઈઆઈએ ગુજરાતમાં 14 બાયોટેક્નોપ્રેનિયર્સ તૈયાર કર્યા

**અમદાવાદ:** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ તાજેતરનાં વર્ષોમાં ૧૪ બાયોટેક્નોપ્રેનિયર્સ તૈયાર કર્યા છે. વર્ષ ૨૦૧૧-'૧૨માં બાયોટેક્નોપ્રેનિયર્સની પ્રથમ બેચ બાદ વર્ષ ૨૦૧૩-'૧૪માં બીજી બેચ અને હવે ત્રીજી બેચ તૈયાર થઈ છે. ગુજરાતમાં બાયોટેક્નોલોજી ઉદ્યોગનું અંદાજિત કદ ₹૪,૦૦૦ કરોડ છે. રાષ્ટ્રીય સ્તરે ઉદ્યોગે છેલ્લાં પાંચ વર્ષમાં ૧૨ ટકા વૃદ્ધિ હાંસલ કરી છે. ઈડીઆઈઆઈએ પોતાના બાયોટેક્નોપ્રેનિયર્સ પ્રોગ્રામ અંતર્ગત બાયોટેક્નોલોજી, ફાર્માસ્યુટિકલ્સ અને બાયોમેડિકલ એન્જિનિયરિંગ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સને તાલીમ આપી છે. સંસ્થાના ૧૦ મહિનાના વીકએન્ડ પ્રોગ્રામને ગુજરાત સરકારના ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલોજી મિશન (જીએસબીટીએમ)નો સહયોગ પ્રાપ્ત છે.

ઈડીઆઈઆઈ ખાતે પ્રોગ્રામ ડિરેક્ટર અને સિનિયર ફેકલ્ટી પ્રોફેસર બિપિન શાહે જણાવ્યું હતું કે, 'આ ૧૦ મહિનાની મુદતનો ખાસ પ્રોગ્રામ વ્યવહારુ અને શૈક્ષણિક જ્ઞાન આપે છે, વિસ્તૃત અભ્યાસક્રમ અને શિક્ષણના મિશ્રણ સાથે આ ઉદ્દેશ હાંસલ કરવામાં આવે છે, જેનાથી બાયોટેક વેન્ચર સ્થાપવા માટે જરૂરી કૌશલ્ય પ્રાપ્ત કરવામાં મદદ મળી રહે છે."